પ્રાથમિક શાળામાં બાળકોને એક જ ધોરણમાં
રોકી રાખવા અથવા શાળામાંથી કાઢી મૂકવા
ઉપર પ્રતિબંધ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. / /૨૦૧૧
18 FEB 2011

વંચાણે લીધાઃ-

(૧) "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૧૬ અને કલમ-૩૮

(૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ GH/SH/6 NO: પીઆરઇ/૧૨૦૧૦/ ૫/કે તા.૧/૪/૨૦૧૦

પ્રસ્તાવનાઃ-

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. સમગ્ર દેશમાં આ ધારાનો અમલ શરૂ થયેલ છે. આ કાયદાની કલમ-૧૬માં નીચે પ્રમાણે જોગવાઇ છે.

"શાળામાં દાખલ કરેલ કોઇ પણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થતા સુધીમાં કોઇપણ ધોરણમાં રોકી શકાશે ( Hold Back) અથવા કાઢી મૂકી શકાશે નહિ."

ઠરાવઃ-

ભારત સરકાર દ્વારા આમુખમાં દર્શાવેલ "The Right of Childern to free and Complusory Education Act 2009" ની કલમ-૧૬ અને કલમ-૩૮ ની જોગવાઇ મુજબ "પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં કોઇપણ બાળકો કોઇપણ ધોરણમાં પરીક્ષા લઇને રોકી રાખવા અથવા શાળામાંથી કાઢી મૂકવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે." આનો હેતુ પરીક્ષા ઉપર પ્રતિબંધ મૂકવાનો નથી. પરંતુ કસોટીના પરિણામે બાળકને નાપાસ કે પાસ કે શાળામાંથી કાઢી મૂકવા પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.

પ્રાથમિક શાળાના બાળકોનો ટેસ્ટ/કસોટીનો હેતુ બાળક શાળામાંથી કેટલુ શીખ્યો છે તે જાણવા અને તેના પર શાળાએ અથવા શિક્ષકે વધુ પ્રયાસો કરવાની જરૂર છે કે કેમ તે

જાણવાનો છે. તેથી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનું સતત સર્વગ્રાહી મૂલ્યાંકન શાળા/શિક્ષકો દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન કરવાનું રહેશે.

આ ઠરાવનો અમલ તમામ શાળાઓ એટલે કે સરકારી શાળા, જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત, નગર શિક્ષણ સમિતિ સંચાલિત, અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા, સી.બી.એસ.સી કે. આઇ.સી.એસ.આઇ. અથવા અન્ય કોઇ પણ બોર્ડ સાથે સંકળાયેલ અને કોઇપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓએ તથા તેના સંચાલક મંડળે ચુસ્ત રીતે કરવાનો રહેશે.

આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ થી એટલે કે જુન ૨૦૧૧ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એસ.બી.ગરાસિયા)**
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ. } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.